Azadi Ka Amrit Mahotsav

જા.નં/મા-૨/૨૦૨૨/૧૯૦૯૭

જિલ્લાશિક્ષણાધિકારી કચેરી,
એ-૩, જિલ્લા સેવાસદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
તા.૨૬ /૦૯/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી, ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તરફ,

**વિષય :-** વર્ષ-૨૦૨૨-૨૩ ની વોર કન્સેસન યોજના હેઠળની દરખાસ્ત મોકલવા બાબત

**સંદર્ભ :-** મેં, સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્યમિક ) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક/માધ્ય/શકો/૨૦૨૨/૧૭૨૮૫-૧૭૩૧૯ તા.૨૧/૦૯/૨૦૨૨

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, યુધ્ધમાં શહીદ થયેલ સૈનિકોનાં સંતાનોને શૈક્ષણિક સવલતો આપવા માટેની યોજનાનો લાભ લેવા માટે આવક મર્યાદા રદ કરવામાં આવેલ છે, જે અન્વયે નીચે મુજબની બાબતો ધ્યાને લઈને આપની શાળાનાં આવા બાળકોની માહિતી નીચે મુજબની બાબતો ધ્યાને લઇ મોકલી આપવા જણાવવામાં આવે છે, આ માહિતી માત્ર સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને થતી સને ૨૦૨૨-૨૩ નાં વર્ષની વોર કન્સેસન હેઠળની સવલતો પૂરી પાડવા માટેની દરખાસ્ત દિન-૩ માં મોકલી આપવા જણાવવામાં આવે છે.

(૧) માત્ર સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લાગુ પડશે.
(૨) યુધ્ધમાં શહીદ થયેલા, ઘવાયેલા તથા માજી સૈનિકોના સંતાનોને આ યોજના લાગુ પડશે.
(૩) આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા નથી.
(૪) આ યોજનાનો લાભ આપવા માટે વિદ્યાર્થીની ફી, ગણવેશ સહાય, શૈક્ષણિક સાધનો, હોસ્ટેલનો ખર્ચ વિગેરે જેવા લાભ મળવાપાત્ર થશે. આવા વિદ્યાર્થી ઓસેથી નિયત અરજી, આધારકાર્ડ, બેંક ખાતાની વિગત વિદ્યાર્થીનાં પિતા સૈનિક હોવાના સરકારી પુરાવા, મરણનું પ્રમાણપત્ર કે યુધ્ધમાં ઘવાયાનાં આધાર મેળવી લેવાના રહેશે.

ઉપર મુજબની વિગતો તમામ આધારો સાથે શાળાઓએ QDC કન્વીનરશ્રીઓને તા.૨૮/૦૯/૨૦૨૨ સુધીમાં માં જમા કરાવવાની રહેશે. QDC કન્વીનરશ્રીઓએ આ માહિતી SVS કન્વીનરશ્રીઓને ફાઈલ સ્વરૂપે તા. ૩૦/૦૯/૨૦૨૨ નાં રોજ જમા કરવી, SVS કન્વીનરશ્રીઓએ આ તમામ એકત્રિત કરેલ માહિતી અત્રેની કચેરીને તા.૦૩ /૧૦/૨૦૨૨ નાં રોજ બિનચૂક જમા કરાવવાની રહેશે.

બિડાણ :- સંદર્ભ દર્શિત પત્રની નકલ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિલ્લો-સુરત

<u>નકલ રવાના :-</u>

QDC કન્વીનરશ્રીઓ તમામ

SVS કન્વીનરશ્રીઓ તમામ

ક્રમાંક:માધ્ય/સ્કો/૨૦૨૨/ ૧૭૨૮૫-૧૭૩૫૯
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોકનં:૯/૧,ડૉ.જે.એમ.ભવન,
ગાંધીનગર
તા.૨૧/૦૯/૨૦૨૨

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા-તમામ

**વિષયઃ-** વર્ષ.૨૦૨૨-૨૩ની વોર કન્સેસન યોજના હેઠળની દરખાસ્ત મોકલવા બાબત
સૈનિકોના સંતાનોને શૈક્ષણિક સવલતો.

**સંદર્ભઃ-** શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ મશબ/૨૦૯૦/૧૨૮/૧૦૬૬/છ તા.૭/૯/૧૯૯૯

ઉપર્યુક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે સંદર્ભ દર્શિત પત્રથી યુધ્ધમાં શહીદ થયેલ સૈનિકોના સંતાનોને શૈક્ષણિક સવલતો આપવા માટેની યોજનાનો લાભ લેવા માટે આવક મર્યાદા રદ કરવામાં આવેલ છે. જે અન્વયે નીચે મુજબની બાબતો ધ્યાને લઈને આપના જિલ્લાની સરકારી અને માત્ર ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને મળવા પાત્ર થતી સને.૨૦૨૨-૨૩ના વર્ષની વોર કન્સેશન હેઠળની સવલતો પૂરી પાડવા માટેની દરખાસ્ત **દિન.૦૭** માં આ કચેરીને મોકલી આપવા વિનંતી છે.

૧. માત્ર સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતાં વિધાર્થીઓને લાગુ પડશે.
૨. યુધ્ધમાં શહીદ થયેલા,ઘવાયેલા તથા માજી સૈનિકોના સંતાનોને આ યોજના લાગુ પડશે.
૩. આ યોજનાનો લાભ લેવા માટે કોઈ આવક મર્યાદા નથી.
૪. આ યોજના હેઠળનો લાભ આપવા માટે વિધાર્થીની ફી, ગણવેશ, શૈક્ષણિક સાધનો, હોસ્ટેલનો ખર્ચ વિગેરે જેવા લાભ મળવાપાત્ર થાય છે. આવા વિધાર્થી પાસેથી નિયત અરજી, આધારકાર્ડ, બેન્કખાતાની વિગત, વિધાર્થીના પિતા સૈનિક હોવાના સરકારી પુરાવા, મરણનું પ્રમાણપત્ર કે યુધ્ધમાં ઘવાયાના આધાર મેળવી લેવાના રહેશે.
૫. લાભાર્થીની વિગતો નીચે મુજબના નિયત પત્રકમાં આધારો સહિત મોકલી આપવાની છે. જેના આધારે ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવશે.
૬. <u>આપના જિલ્લામાં આવા કોઈ લાભાર્થી ન હોય તો જિલ્લાની 'શૂન્ય" માહીતી પણ મોકલી આપશો.</u>
માહિતી ઈમેઇલઃ coswar2021@gmail.com પર મોકલી આપશો.

સંયુક્ત શિક્ષણ નિયામક
(માધ્યમિક)
કમિશનર શાળાઓની કચેરી,
ગુ.રા.,ગાંધીનગર.

સને.૨૦૨૨-૨૩ના વર્ષ માટે વોર કન્સેશન યોજના હેઠળ જરૂરી ગ્રાન્ટની વિગત દર્શાવતુ પત્રકઃ જિલ્લોઃ....

| ક્રમ | શાળાનું નામ/સરનામું | વિધાર્થીનું નામ | ધોરણ | જરૂરી ગ્રાન્ટની રકમ રૂ. | જરૂરી રકમની વિગત |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| | | | | | |